જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૭૬/૧૫</u>

<u>અમદાવાદશહેર વિસ્તારમા લુંટ કરવાના ઇરાદે આવતા ડફેર ગેંગના બે સાગરીતોને બંદુક સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી ફાયરીગ કરી લુટ બનાવો બનેલ હોય, તે ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા ના સ્કોડ્ના પો.સ.ઇન્સ. શ્રી આર.આઇ.જાડેજા તથા પો.સ.ઇન્સ. શ્રી એસ.બી.ઝાલા નાઓ અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે સરખેજ સાણંદ ચોકડી પાસે રોડ ઉપર થી આરોપીઓ (૧) અકબર ઉર્ફે લુલો S/O સાહુ મામન જાતે નથવાણી (સંધી ડફેર) ઉવ.૩૫ રહે. ગામ વાસવા તા.વિરમગામ જી.અમદાવાદ મુળ વતન ગામ ચોબારી તા.રાપર જી.કચ્છ (૨) બાબુ ઉર્ફે ઉમરીયો S/O મીઠુ ઉમર જાતે ખારાય (સંધી ડફેર) ઉવ.૨૦ રહે. ગામ વાસવા તા.વિરમગામ જી.અમદાવાદ મુળ વતન ગામ અદગામ તા.રાધનપુર જી.બનાસકાઠા નાઓની પાસેથી ગેર કાયદેસર હથિયાર પરવાના વગર હાથ બનાવટની દારુગોળો ભરવાવાળી જામગરી એક નાળવાળી બંદુક કિ.રૂ.૨,૦૦૦/-તથા ચોરીની પ્લસર મોટર સાયક્લ કિ.રૂ.૪૦,૦૦૦/- હથીયાર તથા મોટર સાયક્લ સાથે મળી આવતાં પકડી અટક કરેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓની પુછ પરછ કરતાં બન્ને આરોપીઓ ડફેર કોમના છે. અને વાસવા ગામની સીમના ખેતીની જ્મીનની રખેવાડી કરે છે. આ રખેવાડીમા ગામના નાના મોટા ૨૨ કુટુબના માણસો આ ખેતીની જ્મીનની રખેવાડી કરે છે. ગામમા પાંચ હજાર વિઘા જમીન ની રખેવાળી માટે સરપંચ મારફતે એક વિઘાના ૫૦ રુપિયા લેખે માસીક રુ.૧૬,૦૦૦/- આપવામા આવે છે.અને તેમાથી બધા ભાગે પડ્તે વેચી લે છે. પોતાના બાપ દાદા વખતથી સંધી ડફેર કોમમા નાની મોટી ઘેટા બકરાઓની ચોરી કરી વેચી નાખે છેર.અને કોઇક વાર ચાર પાંચ ઘેટા બકરા હોય તો એક બકરૂ કે ઘેટુ રાખી બાકીના ઘેટા બકરા વેચી મારી એક ઘેટુ કે બકરુ કાપી પોતાના કુટુબમા ભાગ પાડી ખાવામા માટે ઉપયોગમા લઇ લે છે.અને આ સિવાય પોતે રોઝનો શિકાર જામગરી દોરી વાળી બંદુક વડે કરી તેનુ મટ્ન આજુબાજુ ના ગામ લોકોને વેચાણ આપે છે.આ સિવાય પોતે તથા પોતાની ગેગ દ્વારા હાઇવે ઉપર જતી ટ્રકોને પોતાની ગેગમાથી માથી કોઇ સાડીનો વેશ પહેરી સ્ત્રીનો વેશ ધારણ કરી ટ્રક ને રોકવા માટે ઇશારો કરી ટ્રક ને રોકતા ટ્રક ડાયવર નીચી ઉતરે ત્યારે તેની પાસેના પૈસા કે દાગીના ની લુટ કરી તેને ટ્રકની સાથે રવાના કરી દેવાનો અને કોઇ ટ્રક ડાઇવર સામે પડે તો તેને મારમારી ભગાડી દેવાનો આ રીતે પોતાની ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી છે.

આજથી અઢી વર્ષ પહેલા બાવળા બગોદરા રોડ ઉપર પોતે તથા વિલાયત મામદ તથા હનિફ કાળુ નાઓ ટ્રક ડાયવરને રોકી તેની પાસેથી રોકડ નાણાની લુટ કરતા હતા ત્યારે પબ્લીક ના માણસો આવી જતા વિલાયત મામદ તથા હનિફ કાળુ નાઓ ભાગી ગયેલા અને અકબરને

લોકોએ ધોકાઓ અને લાક્ડીઓથી માર મારતા જમણો પગ ભાગી નાખેલો અને લોકોએ મને પકડી બાવળા પોલીસને સોપી દીધેલ ધોળકા કોર્ટમા રજુ કરેલ.

ત્યારબાદ્ પોતાનો પગ સારો થઇ જતા પોતે તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અયુબ ઉર્ફે અબલા હબીબ તથા બાબુ મીઠુ વિગેરે મળી ટ્રક ડાયવરને રોકી તેની પાસેથી રોકડ નાણાની તથા દાગીની લુટ કરતા હતા અને ભાગે પડ્તે વેચી લેતા હતા.આ દરમ્યાન અકબર એક્લો અમદાવાદ ઝોન-૧ સ્કોડમા પકડવામા આવેલ.

આ રીતે અઢી વર્ષના સમય ગાળા દરમ્યાનમા બાવળામા કુલ-૪ લુટ તથા બગોદરા-૧ તથા મહેસાણા-૧ તથા ક્લોલ -૧ અડાલજ-૧ વિજાપુર-૧ તેમજ બીજા અન્ય ગુના મળી કુલ-૨૬ ગુનાની કબુલાત કરેલ.અને જુદા જુદા પોલીસ સ્ટેશનમા પકડવામા આવેલ અને જેલમા નવ મહીના રહેલો અને છ મહીના પહેલા છુટેલ છે..ઉપરોક્ત ગુનાઓ કરતી વખતે બે બાઇકો લઇ જતા હતા.

અકબર ડ્ફેર ઉપરોક્ત કેશોમા જેલમા છ મહીના રહ્યા બાદ જેલમાથી છુટ્યા પછી વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢ્ઢ ખારાય તથા અયુબ ઉર્ફે અબલા હબીબ નાઓ ભેગા મળી અઠવાડીયા પંદર દીવસની અંદર મોટર સાયકલો લઇ હાઇવે ઉપર આવેલ ગામો જેમા દદુકા, જાપ, રહેથળ, ઉપરદળ, જેતાપુર, અસલગામ, જેજરા, થુલેટા, ઓગણ, કલથળ, ના ગામોમા ઘેટા બકરાની આશરે ૧૫૦ જેટ્લી ચોરી કરેલ જેમાથી આશરે ૧૨૫ જેટ્લા ઘેટા બકરા આજુબાજુના ગામોમા છુટકમા વેચાણ આપેલ છે. જ્યારે ૨૫ જેટ્લા ઘેટા બકરા પોતાના પરીવારમા ખાવામા વાપરી નાખેલ છે.

આજથી પાંચેક મહીના પહેલા રાત્રીના સમયે જાપ ગામ આવેલ છે તે ગામમા રોડ ઉપર આવેલ એક મકાન આગળ પ્લસર કાળા કલરનુ મોટર સાયક્લ પાર્ક કરેલ તે પ્લસર મોટર સાયક્લ નુ લોક તોડી મોટર સાયક્લની ચોરી કરેલ અને ગુનાઓ કરવામા વાપરતા હતા. આ સિવાય આ મોટર સાયક્લ વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢ્ઢ ખારાય બધા વાપરતા હ્તા.અને બીજુ પ્લસર કાળા કલરનુ મોટર સાયક્લ વિલાયત મામદનુ વાપરતા હતા

આજથી ત્રણ મહીના પહેલા રાત્રીના સમયે અકબર તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢ્ઢ ખારાય નાઓ મળી પોતાની પાસેની બે પ્લસર મોટર સાયક્લો લઇ મહેસાણા હાઇવે વોટર પાર્ક તથા નિરમા ફેકટરી ના વચ્ચેના ભાગે અલી નથુ સાડીનો વેશ પહેરી સ્ત્રીનો વેશ ધારણ કરી ટ્રક ને ટોચ બતીથી ઇશારો કરી ટ્રક ને રોકતા ટ્રક ડાયવર નીચે ઉતરી પોતાની પાસે આવે તે વખતે તેને પક્ડી તેની પાસેથી રોકડ રુપિયાની લુટ કરેલ.અને ટ્રક ડાયવરને ટ્રક સાથે ભગાડી દીધેલ.

આજથી બે મહીના પહેલા રાત્રીના સમયે અકબર તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢ્ઢ ખારાય નાઓ મળી પોતાની પાસેની બે પ્લસર મોટર સાયક્લો લઇ નદાસણ થી મહેસાણા હાઇવે ના વચ્ચેના ભાગે પુલવાળુ ગામ આવે છે તે જ્ગ્યાએ અલી નથુ સાડીનો વેશ પહેરી સ્ત્રીનો વેશ ધારણ કરી ટ્રક ને ટોચ બતીથી ઇશારો કરી ટ્રક ને રોકતા ટ્રક ડાયવર નીચે ઉતરી પોતાની પાસે આવે તે વખતે તેને પક્ડી તેની પાસેથી રોકડ રુપિયાની લુટ કરેલ.

આજથી દોઢ મહીના પહેલા રાત્રીના સમયે અકબર તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢ્ઢ ખારાય નાઓ મળી પોતાની પાસેની બે પ્લસર મોટર સાયક્લો લઇ નદાસણ થી છત્રાલ રોડ લાકડાની ફેકટરી પાસે થી અલી નથુ સાડીનો વેશ પહેરી સ્ત્રીનો વેશ ધારણ કરી ટ્રક ને ટોચ બતીથી ઇશારો કરી ટ્રક ને રોકતા ટ્રક ડાયવર નીચે ઉતરી પોતાની પાસે આવે તે વખતે તેને પક્ડી તેની પાસેથી રોકડ રુપિયાની લુટ કરેલ.

આજથી પંદર દીવસ પહેલા રાત્રીના સમયે અકબર તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢ્ઢ ખારાય નાઓ મળી પોતાની પાસેની બે પ્લસર મોટર સાયક્લો લઇ મહેસાણા હાઇવે જકાત નાકા પાસે બાય પાસ જોડે અલી નથુ સાડીનો વેશ પહેરી સ્ત્રીનો વેશ ધારણ કરી

ટ્રક ને ટોચ બતીથી ઇશારો કરી ટ્રક ને રોકતા ટ્રક ડાયવર નીચે ઉતરી પોતાની પાસે આવે તે વખતે તેને પકડી તેની પાસેથી રોકડ રુપિયાની લુટ કરેલ.

આજથી બે અઢી મહીના પહેલા રાત્રીના સમયે અકબર તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢુ ખારાય નાઓ મળી પોતાની પાસેની બે પ્લસર મોટર સાયક્લો લઇ વિરમગામ હાસલપુર ચોકડી આસોપલવ હોટલ પાસે પાર્ક કરેલ ટ્રકોના ડાઇવરોના બ્લેડ વડે ખિસ્સા કાપી પાકીટ્માથી રોકડ રુપિયાની લુટ ચોરી કરેલ.

આજથી પંદર વીશ દીવસ પહેલા રાત્રીના સમયે અકબર્ તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા નાઓ મળી પોતાની પાસેની બે મોટર સાયક્લો લઇ વિરમગામ રોડ બાયપાસ રેલ્વે ફાટ્ક ચોકડી સામે આવેલ હોટલ પાસે પાર્ક કરેલ ટ્રકોના ડાઇવરોના બ્લેડ વડે ખિસ્સા કાપી પાકીટ્માથી રોકડ રુપિયાની ચોરી કરેલ.

આજથી ચાર મહીના પહેલા રાત્રીના સમયે અકબર્ તથા વિલાયત મામદ તથા હનીફ કાળુ તથા અલી નથુ તથા બાબુ મીઢુ ખારાય નાઓ મળી પોતાની પાસેની બે પ્લસર મોટર સાયક્લો લઇ મોટી મજેટી સરકારી પાણીની ટાકી પાસે આવેલ હોટલ પાસે પાર્ક કરેલ ટ્રકોના ડાઇવરોના બ્લેડ વડે ખિસ્સા કાપી પાકીટ્માથી રોકડ રુપિયાની ચોરી કરેલ.

ઉપરોક્ત પકડાયેલ આરોપીઓની વધુ પુછપરછ કરી આવા બીજા કેટલા ગુના કરેલ છે તે દીશામાં તથા મળી આવેલ બંદુક્ સીવાય અન્ય હથિયારો છે. કે કેમ ? મળી આવેલ હથિયારનો કોઇ જગ્યાઓએ ઉપયોગ કરેલ છે. કે કેમ ? તે દિશામાં તપાસ પોલીસ સબ. ઇન્સ. શ્રી એસ.બી,ઝાલા નાઓ ચલાવી રહેલ છે.

**<u>ગેરકાયદેસર ના દેશી બનાવટના તમંચા નંગ-૨ તથા કારતુસ નંગ-૨ સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસઓજી અમદાવાદ શહેર.</u>**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાશુ શુક્લ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા નાઓએ પ્રજાસત્તાક દિન નિમિત્તે શહેરમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા તેમજ ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ. જે અનુંસધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી એ.કે.વડીયા તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગ માં હતા. જે દરમ્યાન હેડ કોન્સ. પ્રવિણસિંહ અંગદસિંહ તથા હેડ કોન્સ. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે અજયસિંહ ઉર્ફે ડબ્બુ પુરનસિંહ રાજાવત ઉવ.૩૨ ધંધોઃ મજુરી કામ રહે, ગામ:ઢોચરા, થાના: ઉમરી તા.ભીન્ડ જી.ભીન્ડ, મધ્યપ્રદેશ નાનો રામેશ્વર ચાર રસ્તા મેઘાણીનગર પાસેથી મળી આવેલ. જેની પાસેથી (૧) દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૨૦૦૦/- (૨) દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૧૫૦૦/- (૩) કારતુસ નંગ-૨ કિ.રૂ.૨૦૦/- જેની કુલ્લે કિ.રૂ. ૩૭૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ. જેથી સદરહું ઇસમને પકડી અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ નાઓએ હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.